# ગાંધીનગર જિલ્લામાં ૨૧૦ કરોડના વિકાસકામોના ખાતમુહૂર્ત

## રૂપાળું રૂપાલ, સ્વચ્છ રૂપાલ : રૂપાલ અને વાસણ ગામના તળાવોના નવીનીકરણ કામનો શુભારંભ કરાયો

ગાંધીનગર, તા. ૦૧

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગરના સાંસદ અમિતભાઈ શાહે આજે રૂપાલમાં વરદાયિની માતાજીના મંદિરની સન્મુખ યોજાયેલા સમારોહમાં રૂપાલ અને વાસણ ગામના તળાવોના નવીનીકરણ, કલોલ તાલુકાના બે રેલવે ઓવરબ્રિજ તથા વિશ્વ ઉમિયાધામને જોડતા માર્ગને ફોર ટ્રેક કરવાના કામનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. અમિતભાઈ શાહે કુલ રૂપિયા ૨૧૦ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે રૂપાલ ઐતિહાસિક ધાર્મિક સ્થળ છે, તેનો આયોજનબદ્ધ વિકાસ થાય એ દિશામાં કામ થઈ રહ્યું છે. રૂપાલ સમગ્ર દેશ અને ગુજરાતનું મહત્વનું યાત્રાધામ બનશે. અમિતભાઈ શાહે કહ્યું હતું કે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રત્યેક જિલ્લામાં ૭૫ તળાવોના નિર્માણની હાકલ કરી છે. ગાંધીનગર જિલ્લામાં ૭૫ અમૃત સરોવરો તો બનશે જ એ ઉપરાંત બીજા ૧૦ તળાવનું નિર્માણ પણ થશે. આમ ગાંધીનગર જિલ્લામાં કુલ ૮૫ તળાવોનું નિર્માણ થશે.





તેમણે કહ્યું હતું કે રૂપાલ સુંદર ગામ બનશે. મહત્વનું પ્રવાસનધામ બનશે અને રૂપાલની પલ્લી વિશ્વપ્રસિદ્ધ બનશે એમાં કોઈ બે મત નથી.

ગાંધીનગર જિલ્લામાં માર્ચ-૨૦૨૨થી કેન્સર અભિયાન અંતર્ગત સર્વે, સ્ક્રિનિંગ અને સારવારની શરૂઆત થઈ છે. આ અભિયાન અંતર્ગત પ્રથમ તબક્કામાં કલોલ તાલુકાના ૬૦ ગામોના અને ગાંધીનગરના નવ ગામોના લોકોને આવરી લેવામાં આવ્યા છે. લોકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે અને જે દર્દીઓ મળી આવે છે તેને સરકાર તરફથી સારવાર પણ આપવામાં આવી રહી છે. સમયસરની સારવારથી કેન્સરના દર્દીઓનો જીવ પણ બચી શકે છે. અમિતભાઈ શાહ આજે રૂપાલમાં આવા ત્રણ દર્દીઓને રૂબરૂ મળ્યા હતા અને તેમના ખબર અંતર પૂછ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી વરદાયિની માતાજીના મંદિરના ગર્ભગૃહમાં ગયા હતા અને આરતી ઉતારીને માતાજીના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા. તેમણે મંદિર પરિસરની સામે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગામની પંચવટીમાં કદમ્બનુ વૃક્ષ વાવ્યું હતુ.

કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા માટે રુપિયા ૭૦ લાખના વાહનો આપવામાં આવ્યા હતા. જેમાં રૂપાલ ગામને છોટા હાથી અને નારદીપુર, શેરીસા, જાસપુર, ભીમાસણ, ભોયણ મોઠી, ઘમાસણા અને શનાવડ ગામમાં ૭ ટ્રેક્ટર-ટ્રોલી અર્પણ કરવામાં આવ્યા હતા. આ વાહનોને લીલીઝંડી આપીને કેન્દ્રીય ગૃહમંત્રીએ પ્રસ્થાન કરાવ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રીએ ગામના વડીલો, યુવાનો, મહિલાઓ અને બાળકોનું પ્રેમપૂર્વક અભિવાદન ઝીલ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય સ્ટેજ પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહની ૧૨૦ કિલોગ્રામ ચાંદીથી રજતતુલા કરવામાં આવી હતી. આ તમામ ચાંદી કેન્દ્રીયમંત્રીએ વરદાયનિ માતાજીના ચરણોમાં અર્પણ કર્યું હતું. તેની સાથે ગામની વયોવૃદ્ધ વિવિધ સમાજની ૧૭ બહેનો દ્વારા તેમને પલ્લીનું પ્રતિક આપી આર્શીવાદ પાઠવ્યા હતા. તેમજ વિવિધ સમાજ અને સંગઠનો દ્વારા પણ કેન્દ્રીય મંત્રીનું ફૂલહાર, સ્મૃતિચિહ્‌ન આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વરદાયનિ માતાજી સંસ્થાનના પ્રમુખ નિતીનભાઈ પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને વરદાયનિ માતાજી મંદિરના વિવિધ વિકાસ કામોની ઝાંખી કરાવી હતી.

આ પ્રસંગે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેષભાઈ મકવાણા, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, સાસંદ હસમુખભાઈ પટેલ, સાબર મતીના ધારાસભ્ય અરિવંદભાઈ પટેલ, પૂર્વ ગૃહ રાજયમંત્રી રજનીભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ, જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ, જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગરમાં ટ્રાફિક નહીવત હોય છે તેમ છતાં અકસ્માતોના બનાવો સતત બનતા રહે છે. પહોળા માર્ગો પર વાહનની ગતિ ધીમી રાખવાનુ જાણે કોઈને સૂઝતુ જ નથી. સેક્ટર-૧૧ સ્થિત સેવાસદનનો રસ્તો ક્રોસ કરતી મહિલાને બાઈક સવારે જોરદાર ટક્કર મારી હતી જેમાં મહિલાને ગંભીર ઈજાઓ થવા પામી છે.



વરસાદ શરૂ થઈ ગયો છે પરંતુ હજુ શહેરના વિકાસકાર્યો પૂર્ણ થયા નથી. હજુ શહેરમાં ખાડાઓનું રાજ છે. પાણીની પાઈપલાઈનનું કામ તો ચાલે જ છે સાથે સાથે રોડ રસ્તા બનાવવાનું કામ પણ ચાલી રહ્યુ છે. ગ-૩ થી ગ-૨ સુધીનો રોડ બનાવવાનું કામ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યુ છે જે હજુ સુધી પૂર્ણ થયુ નથી.

## વાવોલમાં યોજાયેલી રથયાત્રાનું લઘુતી સમાજે સ્વાગત કર્યુ



ગાંધીનગર,તા.૦૧

ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં આ વર્ષે પણ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જેનું સાંઈબાબા મંદિર ખાતેથી ભગવાનની આરતી કરાયાં બાદ પ્રસ્થાન થયું હતું અને વિવિધ સોસાયટી વિસ્તાર થઈને ગામતળના વિવિધ વિસ્તારોમાં રથયાત્રાએ પરિભ્રમણ કર્યુ હતું. રથયાત્રાએ બપોરે હરિનગર સોસાયટી ખાતે મોસાળમાં ભોજન પ્રસાદી બાદ વિશ્રામ કરીને પછી પુનઃ પ્રયાણ કર્યુ હતું જેનું ગ્રામ પંચાયત કચેરી પાસે લઘુમતી સમાજના સભ્યોએ સ્વાગત કર્યુ હતું જેમાં ભાજપ લઘુમતી મોરચાના શહેર પ્રમુખ યુસુફભાઈ શેખ સહિત અગ્રણીઓ જોડાયાં હતાં.

## ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ડૉક્ટર દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૦૧

ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ, મોટા ચિલોડા સંચાલિત ઓમ એજ્યુકેશન કેમ્પસ, મોટા ચિલોડા ખાતે રાષ્ટ્રીય ડૉક્ટર દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં સવિતાબા ઓમ રાવલ હોસ્પિટલ અને સવિતાબા ઓમ રાવલ હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટરના તમામ ડૉક્ટર્સનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ટ્રસ્ટી ડૉ. અશોકભાઈ રાવલ, કેમ્પસ ડાયરેક્ટર સયદા મેમ, નર્સિંગ કોલેજના આચાર્ય, બી.એસ.સી. સાયન્સ કોલેજના આચાર્ય, ગુજરાતી માધ્યમ આચાર્ય, અંગ્રેજી માધ્યમ આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. ડૉક્ટરોના સમર્પણ, કાર્ય પ્રત્યેની નિષ્ઠા, પ્રામાણિકતા, સમર્પણને માન અને સલામ આપવા માટે સમગ્ર દેશમાં પહેલી જુલાઈના રોજ 'રાષ્ટ્રીય ડૉક્ટર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

દર વર્ષે ૧ જુલાઈએ, આપણા દેશમાં ''રાષ્ટ્રીય ડૉક્ટર દિવસ'' (ડૉક્ટર ડે)ની ઉજવણી કરવામાં આવે છે. ભારતની સાથે સાથે અમેરિકા, બ્રાઝિલ, ક્યુબા, ઈરાન, વિયેતનામ, નેપાલ વિગેરે દેશોમાં પણ ડૉક્ટર દિવસની ઉજવણી કરવામાં આવે છે.

## સેવાસેતુ કાર્યક્રમની સાથે ઈ-શ્રમ નોંધણી તથા મતદાર યાદી સુધારણા કેમ્પ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૦૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની નાગરિકોની વ્યક્તિલક્ષી અરજીઓના ત્વરીત નિકાલના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા. ૨ જુલાઈ, ૨૦૨૨, શનિવારના રોજ સમય સવારે ૯ કલાકથી સાંજના ૫ કલાક સુધી ગાંધીનગર મહાનગરપાલિકાકક્ષાએ વોર્ડ નં. ૯માં શ્રી ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજ (વાડી), નવકાર બંગલોઝ સામે, ઉર્જાનગર-૧, ગાંધીનગર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ૯ થી ૨ કલાક દરમિયાન અરજદારો પાસેથી રજૂઆત અને તેના પૂરાવા મેળવવામાં આવશે. આ રજૂઆતો અને અરજીઓના નિકાલની કામગીરી સાંજે ૫ વાગ્યા સુધી કરવામાં આવશે. જે દરમિયાન અરજદારોને તેમણે કરેલ રજૂઆતોના આખરી નિકાલની જાણ કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમિયાન મતદાર યાદી સુધારણા કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં ગાંધીનગરના નાગરિકો મતદાર યાદીમાં નામ ઉમેરવા, નામ કમી કરવા, ચૂંટણી કાર્ડમાં સુધારો કરવા માંગતા હોય તો સુધારો કરાવી શકશે. ખાસ કરીને નવીન મતદારો તેમનું નામ મતદાર યાદીમાં ઉમેરાવી શકશે. સેવાસેતુ કાર્યક્રમ દરમિયાન ઈ-શ્રમ કાર્ડ નોંધણી કેમ્પનું પણ આયોજન કરેલ છે. અસંગઠિત ક્ષેત્રે કામ કરતા કામદારોને ઈ-શ્રમ કાર્ડની નોંધણી બાદ સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળી શકે તે હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે શ્રમિકોની ઉંમર ૧૬ થી ૬૦ વર્ષની છે, તેઓ આ કેમ્પનો લાભ લઈ શકશે. આ કેમ્પ દ્વારા લાભાર્થી આધાર કાર્ડ, મોબાઈલ નંબર અને બેંક પાસબુકની નકલ સાથે રાખીને ઈ-શ્રમ કાર્ડ માટે નોંધણી કરાવી શકશે અને સરકારની આ યોજનાનો લાભ મેળવી શકશે. આ સાથે પર્યાવરણની સુરક્ષાના સંદેશાને પ્રસરાવવા માટે વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવશે.



શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા સેક્ટર-૧૬માં વિદ્યા લાયબ્રેરી આગળ રથયાત્રાનું ગાંઠિયા-બુંદીના પ્રસાદ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સ્થળેથી રથયાત્રા સંપુર્ણ પસાર થઈ ગયા બાદ આસપાસના સમગ્ર વિસ્તારમાં સ્વચ્છતા

## વાવોલની રથયાત્રામાં બ્રહ્માકુમારીએ ભાગ લીધો




ગાંધીનગર,તા. ૦૧

ગાંધીનગરના વાવોલ ખાતે યોજાયેલી ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં બ્રહ્માકુમારીની બહેનોએ ભાગ લીધો હતો. વાવોલ બ્રહ્માકુમારી કેન્દ્રના સંચાલિકા હંસાદીદીના માર્ગદર્શન હેઠળ આ બહેનોએ વિવિધ દૈવી પાત્રોની વેશભૂષા કરીને નાગરિકોને આધ્યાત્મિકતાનો રાહ ચિંધવાનું કાર્ય કર્યુ હતું.

## પ્રેરણા બાળ રથયાત્રા માં બાલુડા પણ રણછોડ બનીને ઘૂમ્યા








ગાંધીનગર,તા.૦૧

નવા સેક્ટર માં બાળ રથ યાત્રા ઉલ્લાસ પૂર્વક નીકળી.શહેર માં રથયાત્રા ના પવિત્ર દિવસે પ્રેરણા રથયાત્રા નું પ્રસ્થાન સવારે સાત કલાકે કોર્પોરેટર રાજુભાઈ પટેલ તથા છાયાબેન ત્રિવેદીના હસ્તે ભગવાનની પૂજા કરી કરવામાં આવી હતી. કથાકાર અને ધર્મ સાંસદ કનૈયા લાલ ભાવસાર ભગવાન સાથે રથ પર બિરાજમાન હતા .સરસ્વતી વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ દેશભૂષામાં વિદ્યાર્થીઓ તૈયાર થઈ રથયાત્રામાં ભાગ લીધો હતો તથા એનસીસી અને અન્ય વિદ્યાર્થીઓ પોતાના વાહનો ઉપર રથયાત્રામાં જોડાયા હતા આ સિવાય સેક્ટર ૩ એ ન્યુ ની ભજન મંડળની બહેનો ટ્રેક્ટર માં બેસી ભજન કરતા કરતા રથયાત્રામાં જોડે સેક્ટર ૫ આવેલા શિવ શક્તિ મંદિર થી આ યાત્રા ની શરૂઆત કરવામાં આવી હતી ૫ સી ખાતે વસાહતીઓ દ્વારા યાત્રાળુઓનું સ્વાગત શરબતથી કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ખોડીયાર માતાના મંદિર થઈ મહાકાળી ના મંદિરે આવી ત્યાંથી સેક્ટર ૪ માં પ્રવેશ કરે સેક્ટર ૪ માં ગોગા બાપના મંદિરથી આગળ શનિ મંદિર અને હનુમાનજી મંદિર થઈ યાત્રા સેક્ટર ૪ એ માં આવેલા ઓમકારેશ્વર મહાદેવ આવતા મંદિર તરફથી તથા શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેક્ટર ચાર શાખા દ્વારા અને શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પરિવાર દ્વારા રથયાત્રાનું આરતી અને પૂજન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યાંથી યાત્રા સંગીત સર્કલ આગળથી સેક્ટર ૩ એ ન્યુ માં પ્રવેશે જ્યાં શિવ શક્તિ મંદિર દ્વારા આરતી પૂજન કરી યાત્રાળુઓને ખેડાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો ત્યાંથી શોપિંગ સેન્ટર એ આવતા શરબત દ્વારા યાત્રાળુઓનું સ્વાગત કરવામાં આવ્યું હતુ સેક્ટર ૩ એ માં પ્રવેશતા એસએસવી શિક્ષણ સંસ્થા દ્વારા શરબત આપી યાત્રાળુનુ સ્વાગત કરવામાં આવ્યું હતું.જ્યાં વસાહતી દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાંથી રથયાત્રા શોપિંગ સેન્ટર થઈ સાઈબાબાના મંદિરે આવી ત્યાં મંદિર દ્વારા બિસ્કીટ નો વિતરણ કરવામાં આવ્યું હતું ત્યાંથી સેક્ટર ૩દ્ધ માં થઈ ઘ દોઢ થઈ સેક્ટર ૨ માં પ્રવેશી મહાદેવ થઈ બાલા હનુમાન થઈ સેક્ટર ૨ ના શોપીંગે આવી જ્યાં ભાજપના અગ્રણીઓ સુનિલભાઈ ત્રિવેદીએ સ્વાગત કર્યું હતું.ત્યાંથી સ્વામિનારાયણ મંદિર થી પ્રાથમિક શાળા થઈ ૨-૭ મોટા ઘ સર્કલ પહોંચી જ્યાં મોટી સંખ્યામાં લોકો એ દર્શન આરતી કરી હતી.ત્યાંથી સે ૬ માંથી નાના ચિપ ટાઈપ શોપિંગ થઈ સરસ્વતી વિદ્યાલયથી નિજ મંદિર પરત ફરી હતી.શરૂઆત માં કોંગ્રેસ ના મહામંત્રી નીશીત વ્યાસ દ્વારા સેક્ટર ૫ માં સ્વાગત કરવામાં આવ્યું હતું. ભાજપ ના કેટલાક કાર્યકરો એ પણ આ રથયાત્રા નું સ્વાગત કર્યું હતું.

વસાહત મહાસંઘ દ્વારા ઠંડા પાણી અને ચોકલેટ નું વિતરણ કરવામાં આવ્યું હતું થતા મહાસંઘ ના પ્રમુખ કેશરી સિંઘ બિહોલા એ રથયાત્રા નું સ્વાગત પણ કર્યું હતું.આ રથયાત્રા માં ટેબ્લો અને વેશભૂષા ધારણ કરી બાળકો એ આકર્ષણ જમાવ્યું હતું.

આ રથયાત્રા શહેર માં આકર્ષણ નુ કેન્દ્ર પણ બની હતી.